## ધ્યાન દોરતી સૂચના સંબંધમાં રીત (નિયમ-૧૧૬)

(પહેલાં સચિવ સભ્યનું નામ પોકારે છે.)

સૂચના આપનાર સભ્ય:- "માનનીય અધ્યક્ષશ્રી, હું નિયમ-૧૧૬ અન્વયે નીચે જણાવેલી તાકીદની જાહેર અગત્યની બાબત પર માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રીનું ધ્યાન દોરું છું. અને તેમને તે સંબંધી નિવેદન કરવાની વિનંતી કરું છું.

(અહીં તેઓ સૂચનામાં જણાવેલી બાબત વાંચે છે)

તાજેતરમાં અમદાવાદના મણીનગર વિસ્તારમાં જરૂરી સેફટી મેજરમેન્ટ ન લેવાયા હોવાના કારણોસર શ્રીજી એલિગન્સની બાંધકામ સાઇટની ભેખડ ધસી પડતા ચાર મજૂરો દટાયા હતા, તે પૈકી એકનું મૃત્યુ થયું છે અને ત્રણને સારવાર અર્થે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. જરૂરી સેફટી મેજરમેન્ટ વગર ચાલતી બાંધકામ સાઇટોમાં ભેખડ ધસી પડવાના કારણે મજૂરોના મૃત્યુ થતાં કામદારોમાં ભય અને રોષની લાગણી ફેલાયેલ છે તે દૂર કરવા અને ઘટના સંબંધમાં મૃત્યુ પામેલાના વારસદારોને તેમજ ઘાયલ થનારોને વળતર ચૂકવવા માટે સરકારે લીધેલાં કે લેવા ધારેલાં પગલાં

મંત્રીશ્રી:- નિવેદન વહેંચ્યા મુજબ.

(આવા નિવેદન પર ચર્ચા કરવામાં આવતી નથી. પરંતુ વધુ માહિતી મેળવવાના હેતુ સારું એક કે બે પ્રશ્ન પૂછવાની પરવાનગી આપી શકાય છે.)